૫૦૮૯

રામરાજ વિયોગ નાટકનાં ગાયનો.

રચી પ્રસિદ્ધ કરનાર.

જનસુખરામ નરહરરામ મુનશી.

આ નાટક ભજવવાની પરવાનગી
"ધી સુરત ગુજરાતી નાટક મંડળી
ને આપીછે

સુરત.

"ધી રાઈઝીંગ સ્ટાર પ્રીન્ટીંગ" પ્રેસ. સુરત.

સંવત ૧૯૫૧ આસોનું સને ૧૮૯૫ ઓકટોબર

કિમત ૦-૨-૦

શુદ્ધી પત્રક.

ગાયન-	લીટી-	અશુદ્ધ-	શુદ્ધ-
૧-	૮-	પામ્ય-	પામ્યા-
"	૧૫-	ઘિતલ-	ઘિતલાન-
"	"	રકિટ-	ધીરકીટ-
"	૧૬-	ધુમા-	ધુમકિટ-
"	"	મકિટ-	ધ્રમકિટ-
૫-	૧-	વારંગન-	વારાંગના-
૬-	૧-	વારંગના-	વારાંગના-
૧૧-	૩-	ચસવા-	ચુસવા-
૧૩-	૮-	ધમ-	ધર્મ-
૧૪-	૪-	ુમ-	દ્રુમ-
૧૫-	૭-	શરાખ-	રાખ-
૧૬-	૩-	ઝઝર-	ઝાંઝર-
"	૬-	નીનુસા-	નીનીસા-
"	".	ચીતચોરનારૂ-	ચીત ચોરનારૂં-
૨૦-	૪-	ગા-	તણા-
"	૮-	રસોલી તારી-	રસીલી નારી.
૨૧-	૧૨-	કિડા-	ક્રિડા-
૨૨-	૮-	ચચળ-	ચંચળ-
૨૩-	૨-	ઈંદ્રાણી-	ઈંદ્રાણી-
૨૪-	૪-	રૂપતુ	રૂપ-
"	૭-	શાખ્યું-	સાખું-
"	૧૦-	રહીયાળ	રહીયાળી
૨૫-	૭-	નિશ્ચ	નિશ્ચે-

ભટી—જગનાથ પ્યારા વિશ્વંભર, સુખકરણ ભયહરણ શુભ
ભરણ;—જ.

અદ્‌ભૂત કૃતિ વિભુ તાહરી. શ્રુતિ સ્મૃતિ વખાણે નિત્ય,
આશ્ચારભૂત દુરીત હર્તા પ્રભૂ, સ્તવન કરૂં ધરી પ્રીત,
જગદીશ, નિત્યે નામું શીશ, વદન કરૂં ચિતે, તુને હું અધીશ,
જ્ઞાતા, હે ત્રાતા, સુખદાતા, વિખ્યાતા હે ઇશ,
સુખઝરણ તાત, અત્યુત્કંઠાથી સેવું તારા ચરણ;—જ.

૬૦૮૭

રામરાજ વિયોગ નાટકનાં ગાયનો.

ઝાંઝો — ૧

કિરીટાદિક અલંકૃત ધારી, જગદાધાર જનાર્દન જગધારી; કિ.
શુક સનકાદિક તારા ગુણ ગાય, વેદ વખાણે તુને વિશ્વરાય,
પુણ્યકરાક્ષ, પરમાક્ષ, સચ્ચીદાનંદ. પરમાનંદ, સુખકંદ, ધર્મ
ધુરંધર મોરારી, કિ.
સર્વે ભૂત માત્રપર દયા રાખનાર, ચરણ કમળ સેવીએં તારાં
કીરતાર
હૃષીકેશ, દિનેશ, સિદ્ધેશ, પરમેશ, ભવેશ, નવ પાર પામ્યા
કો ગીરધારી; કિ
આધાર ભૂત સર્વના મંગળ કરણ, દ્વીજપતિ ભવભય હરણ,
કૌસ્તુભધર, ધરણીધર, કરૂણાકર, હે સુખકર, અકળીત
અકૃતિ છે તારી; કિ.
સા રી ગ મ પ ધ ની સાં રીં ગં રીં સાં ની ધ પ મ ગ
રી સા; કિ.

તિના તિના ઘેતલાન ધીરકિટ તોમ ધીરકિટ તોમ, ત્રીકિટિતક,
ધાકિરતક
ધુમ કિરતકધા. ધ્રુમકિટ ધ્રમકિટ, ધીતિકિટી ધાતિકિટી, થુંગ,
થુનાના થુંગ થુનાના; કિ.

દશરથ— ૨

ત્રીશુળ પાણી કીરતાર, નામું શીશ પાલનહાર,
ભકતપાળ, પશુપાળ, ગંગાધર સરજનહાર; ત્રી.
ભવાબ્ધિતારક, ત્રીગુણાત્મક, કષ્ટ ટાળક, જયઈશ,
પન્નગધર, ઉમીઆધર, ભાળચંદ્ર જગદીશ.
ચંદ્રશેખર, કૃપાસાગર, ચરણે નમાવુ છું શીશ,
ટાળો વિઘ્ન વિશ્વાધાર; ત્રી.
અશરણશર્ણ, ચર્ણ સેવું ઉલ્કંઠાથી અનુદીન,
પ્રીત રાખું અત્યંત તમપર, જેમ ઉદક ઉપર મીન,
નંદીકેશ્વર, જગતરક્ષણ, થાઉં તુજ ભકિતમાં તલ્લીન,
વધારો મુજપર પ્યાર; ત્રી.

પ્રધાન— ૩

દશરથ નંદન છે વિચિક્ષણ;
આલસ્ય રહીત, પ્રમાદ રહીત, દુખ હર્તા,
સુખકર્તા, શૂભ કરણ;— દ.
શેષસમાન ધૈર્યવાન, ઈંદુ સમાન રૂપમાન,

અતિ બુદ્ધિમાન, સ્મરણ શક્તિમાન, વિઘ્નહરણાદિ.

ઉ-તમરામ
અં બાઇરામ } — ૪

પરદુખ ભંજન ખચીતરે, મતિવંતાછે નકી અમીતરે.
દાતાર નીરધાર, અપાર બળવંત ઇંદ્ર સમાન રૂપવંત,
સૂર્ય સમાન કાંતિવંતા ચિંતા નષ્ટ કરંત;— પ.
કમળ જેવાં નેત્ર વાળા, સામર્થવાન એ અત્યંત,
રંજીત કરનાર સર્વને એ છે, નકી છે શૂભ ભરંત; પ.
સત વસ્તુને ગ્રહણ કરનાર, પરાક્રમી નકી અપાર,
સર્વભૂત પ્રાણીપર દયા રાખનાર, સ્વરૂપવંતા નીરધાર; પ.
કેશરી સમાન ગતિવંતા, મધુર ભાષણ કરનાર,
શક્તિમાન, અહંકાર રહીત, નિશ્ચે ધર્મ જાણનાર; પ.

વારંગન,
દરબારીઆ } — ૫

ઇંદ્રસમ વદન આપનું શોભી રહ્યું ભૂપતી.
સાસા ગગ પમ ગરી ગગસા.
શાર્દુલ સમાન છે ખરે આપની ગતી,
સાસા ધની સા ગ મપ મગસા,
શૂરવંતા નૂરવંતા છો આપ અતી,

નીનોસાંની ધપ ધપ ગગ મગસા;—ઇ.
સાસા ગમપ, ધપનીધપ, પપધસાં, પપધધપ, ગગપં
પમ, રીરીમમગ,
સાસાગગરી નોની રીરીસા; ઇ,
નાદરદાની દુમતરદાની નાદર તરતરદાની, તનુમ તનુમ
તન દેરેના
દેરેનાદીમ, ધાકિટકિટ ધુકિટકિટ ધીમીકટધા;—ઇ.

સારંગા— ૬

ખુદુરપતી સમ બળીમાન, છો પરાક્રમી ઇંદ્ર સમાન.
કિર્તી રૂપી ભાનુ પ્રકાશ્યો, આપનો અતીશય અદ્ભુત,
પ્રજા પ્રતિપાળ, નૃપાળ દીનદયાળ, શિતાંશુ સમાન રૂપવાન; ખુ.
ચર્ચીત ચંદન અંગ વિલેપન, શાર્દુલ સમ શુરવંત,
બળવંતા, રૂપવંતા, તેજવંતા, નૃપાળ, નીરધાર, નવ થઇ
શકે આપનું બ્યાન; ખુ.
મણીમય મુગટ ઝળકી રહ્યો, ધર્માસન પર દીપો અતી,
શર્ણાગત વત્સલ, આપનું અતુલ બળ, અતિ સુખકર,
નિશ્ચે દુખહર, અજર અમર, રહો નીરવાણ; ખુ.

રાગ— ૭

(માલીની)

ક્ષિતિધર સુખકારી, ધૂર્જટી દુઃખહારી,

અકળિત ગતિ તારી, શીવજી બ્રમ્હધારી.
નિશદિન પ્રણમૂછું, વિશ્વ કર્તા તું જ્ઞાતા,
અનુપમ ખુબિ નક્કી, તારિ છે મોક્ષદાતા.
ચરણ કમળ સેવું, પ્રીતથીરે નમામી,
કિલવિષ દુર કર્તા, હે વીભુ શેસ્ત્ર નામી.
અગમ નિગમ જાણો, તાત હે ત્રીપુરારી,
સુર નર નકિ સેવે, તૂજને ગંગધારી.
કૃતિ ગતિ અતિ ન્યારી, શૂળ ભર્તા નિયંતા,
પ્રભુ જન સુખદાતા, દુઃખ નક્કી હરંતા.

દશરથ— ૮

આનંદ રૂપી સાગર માંહીં ડુબ્યો નીરધાર
ખીલી રહ્યું અંતઃકરણ બાગ બાગ સાર; આ.
મદોન્મત હસ્તી સરખી ગતિ માન,
થશે રામ ભુભૂત આ વાર; આ.
સૂર્ય સમ કાંતિવાન, અતીશય બળીષ્ટ,
નિશ્ચે છે મારો કુમાર; આ.
શેષ સમ ધૈર્યવંત અતિ બળવંત,
શશી કરતાં રૂપવંત એ અપાર; આ.
ધનુર વિદ્યામાં અતી પ્રવીણ,
નીવડ્યો અતી હોશીયાર; આ.

૯

છગન—રમત રમીયે અલ્યા મકન આવતુ અહીં,

છગન—પૈસા ઉડાવવો નીત્ય, છે આપણી સારી રીત,

માબાપના કહેવામાં કદી રહેવું નહીં; ર

મકન્ન—તારી ખરી છે વાત, મઝા ઉડાવો દીનરાત,

જુગાર રમો ભાઈ હમેશાં ખુશીથી સહી; ર.

છગન—પહેરવાં સારાં કપડાં ભાઈ, નવ ફિકર રાખવી કાંઈ,

ખુશી રહેવું હમેશાં ગુણકાને ત્યાં રે જઈ; ર.

મંથરા— ૧૦

પ્રાણથી પ્યારી કૈકેયી મારી કરતું કાંઈ વિચાર,

નીજ હીત રાખી પ્રીત કરતું બોલ મારા સ્વીકાર.

શોકયુકત થવાને બદલે તું થાય કયમ હર્ષીત,

પાછળથી પશ્ચાતાપ નકી પામીશ અપરિમીત.-

હામ ધરી રામને વનમાં કઢાવ તું, વચન કર અંગીકાર; પ્રા

કૌશલ્યા થશે ભાગ્યવંત, મળશે જો રામને રાજ,

માટે સમજાવ તારા પતિને, નીર પહેલાં બાંધ પાજ.

સુબુદ્ધિવંત, વિદ્યાવંત, અપાવ ભરતને રાજ તું નિરધાર; પ્રા

દશરથ— ૧૧

ગયું શીદ ચિંતાકર્ષક અરવીંદ કરમાઇ ગ.

રસ ચસવા ઉત્કંઠાથી આવ્યો અહીં,

દીલગીર અતીશ દીસે શીદ દીલ મહીં; ગ.
વસંત રૂતુમાં ખીલી રહેલી, રામાએ વામાએ
ગમગીની શીદ ગ્રહી; ગ.
કેશપાસ છૂટો મૂકયોછે ચોશીતાએ,
નથી ભાખતી ચમકતી લાવણ્યવતી કાંઈ; ગ.
ઇંદુ વદની સારંગ લોચની, ભાનુ સમાન
તેજસ્વી ઉદાસ શાને થઇ; ગ.

દશરથ— ૧૨

ધર્મ સંકટ આવ્યું શીર પર, શો કરવો મારે ઉપાય,
દુઃખ દરીઆ મધે હું પડયો, નથી સૂઝતું મને દીલ માંય.
ચક્ષુના તારાને દૂર કરવાનું, માગ્યું આ દુષ્ટાએ વરદાન,
અતુલ ખેદ પ્રાપ્ત થયો મુને, દુખીત થાઉં અતિ નિર્વાણ.
ધિક ધિક છે અહો કૈકેયી તુજને, કરૂણા નથી તુને નીમેષ,
ભ્રમિત મતી કીધી તેં મારી, નવ વિચાર્યું તેં મન લેશ.
હૈયાનો હાર શુ વનમાં કાઢું, આ શું ભાખે તું વચન;
મનન કર તું મનમાં કાંઇ, અતિ પ્રીય છે મુને એ તન.

દશરથ— ૧૩

ધિક ધિક દુષ્ટા હે પાપીષ્ટ, અંતઃકરણ તુજ,
પાસાણનું છે રે, ઉત્પન્ન કીધું તેં અતિ મને કષ્ટ; અં.
રામ વિના તરફડું અનુદીન; અં.

જેવું હોય જળ વિનાનું મીન; અ.
પાપ નિશ્ચય વાળી તુંને ધિકાર; અ.
મન સાથે તેં વિચાર્યું ન લગાર; અ.
જેમ સર્વ મનુષ્યને મુખ્ય છે ધર્મ; અ.
તેમ મુને મુખ્ય છે રામ, રાખ શર્મ; અ.
છે રામ નક્કી અતિ સુકુમાર; અ.
તેને કાઢું શું અરણ્ય મોઝાર; અ.

કૈકયી— ૧૪

આનંદના અંકુર ફુટયા મમહૃદય મહીં
રાજ્યા ભિષેક થશે પ્રીય ભરત સહી,
ઉદાસી રૂપી ુમ ગયુંછે ખચ્ચીત કપાઇ,
સ્ત્રી ચરીત્ર ચલાવ્યું નકી મેં આજ અહીં.
હરખ અતી મુજ દીલમાં આજ થાય,
ચીતડું મારૂં અતીશ હરખાય,
ખરે થાય, સુખ, આજ, દીલની માંય; આ.

રામ— ૧૫

ત્રીગુણાત્મક વીભુનીશદિન સેવૂં હૂં તુને ભાવથી,
કુષ્ટો ટાળક થાઉં મગ્ન, નિત નીશ્વે ગુણુ તારા કથી.
ક્લેશો મોચક ભારિ શકિત તુજની શું હૂં કહૂં મૂખથી.
શ્રષ્ટિ પાળક નીલકંઠ પ્રભુ સ્તૂતી હું કરૂં ખંતથી.

છૂં હું બાળક શંભુજી તુજ તણો તૂં પાળજે પ્રીતથી
સર્વે વ્યાપક હે અશર્ણ શર્ણ શર્ણું શરાખ ઉમંગથી.
ભક્તો તારક ભૂધરા દુખહરા તું તારજે રીતથી,
જયોતી વ્યાપક તારિછે ક્ષિતિમહીં દૈત્યો હણ્યા જોરથી.
તું છે હારક કષ્ટનો ખચીત શીરે રાખિ ભાગીરથી,
પાપો બાળક ત્રીગુણાતિત બહૂનામી ભજૂં ચીતથી.

સીતા—સખીઓ— ૧૬

ચોવન કુસુમ ખીલ્યું અપરિમીત. રંગે રમો ધરી ઉર પ્રીત.
ચુડી ચમકે સખી અપાર. ઝ ઝર ઝમકે અતીશ બેની આ વાર;ચો.
સોળે શાણગાર સજ્યા બેની, ધરી અતિ અનુરાગ.
જોબન ઝરો વહે ખળખળ, સળગીછે મદન આગ,
નીનીસૅ, ધધની, પપધ, મમપ, ગગમ, રીરીગ, સાસારી, નીનસા.
કર્ણાં કાંબી છે અતી શોભીત, ચૂડલો હાથે પ્રીય બેનીછે નકી
ઓપીત; ચો.
કંકણ ખળકે નિશ્ચે અતિ, ઘમકે ઘુઘરી ખચીત,
અરસ પરસ ક્રીડા કરી બેચર વ્યગ્ર કરેછે ચીત,
સૅાધ, નીપ, ધમ, પગ, મરી, ગસા નેપુર કરે ઝમકાર, ઉલ્લાસે
રમો સહુચરી આહાર. નીસાની, ધનીધ, પધપ, મપમગ. ચો.
અંગોઅંગ અનંગ રમી રહ્યો સખી, વાય શીતળ અનીલ,
આંખે અંજન કીધું પ્રીય સખી, શોભે જયમ નીરજનીલ.

સોનીપ, નીઘમ, ધપગ, પમરી, મગસા.
દીપે અતિ વસ્ત્રાલંકાર, આણવટ ઠમકે અતી એની નીરધાર; ચો.

રાગ— ૧૭

શંખના જેવી ગ્રીવા તારી મનહર નાર,
નાસીકા નિશ્ચે દીસે તેલનીધાર; શં.
ગીરી શૃંગ સમ તારા બે સ્તન, ખીલી રહયું તુજ તન ઉપવન,
પદમ આકાર પગ આંગળી, ચીબુક દુખ હરનારરે; શં.
કેળ પત્રવત વાંસો તારો, કાંતિ ભાળી ભાનુ હાર્યો.
સોપાનસમ ત્રિવલી નિશ્ચે, શુશીલે સુખ કરનારરે; શં.
કેશપાસ તારો ચમરી સમાન, ખંજન સમ ચક્ષુ નીર્વાણ.
આમ્ર કાતળી સમ અધર તારા, ગાલ નારંગી સારરે; શં.
હસ્ત મૃણાલ નાલ પ્યારી, કદળી જંઘા મન હરનારી,
કુપના જેવી નાભી તારી, કહું છુ વારંવારરે; શં.
અળતા સમ તારી પગપાની, સુચી સ્મીતે અતિ શાણી,
પાંપણ ભ્રમરા પાંખ સમાન, હે સુંદરી સુખકારરે; શં
ઉદર પોયણ પાનવત તારૂં, વદન ઇંદુસમ ચીતચોરનારૂ.
કમળ પત્ર સમ હથેલી તારી, રત્નસમ નખ શોભાળરે; શં.
હસ્તી સમાન તારી ચાલ, કર્પુરવત સુંદર ભાળ,
રસના અમૃત જેવી નકી, કોકીલ સ્વરી રસાળરે; શં.

સીતા— ૧૮

પ્રીતમ પ્રાણઆધાર, પ્યારડા પ્રીતમ પ્રાણઆધાર,
ચીતાકર્ષક નીરધાર; પ્યા. ચીત ચોરનાર

રામ.—સુંદર નાર.

સીતા.—ચક્ષુના તારા હૈયાના હાર.

રામ.—નયન અરવીંદ તૂજ દુખ હરનાર.

સીતા.—ચતૂર શીરોમણી જીવનહાર.

રામ.—પ્રાણ પ્યારી મારી સુખ કરનાર.પ્રીયપ્યારી તારૂં રૂપ અપાર છે.

સીતા.—સ્વરૂપ આપનું કામને છે હરાવનાર; પ્યા.

૧૯

રામ.-મન હરંતી હે પ્યારી શ્યામા, સુખ કરંતી.

સીતા.-સ્વરૂપ આપનું અત્યંત પ્યારા.

રામ.-પ્યારી મારી નારી તું છે દુખ હરંતી; મ.
મુખ તુજ પેખી શશી શરમાય

સીતા—આપના બોલથી ચીત હરખાય,

રામ-રસીલી, રંગીલી, છબીલી, રૂપાળી, નિત્યતું શુભ ભરંતી;મં

સીતા—કાંતિ આપની ભાળી સૂર્ય લજવાયો.

રામ—નારી રઢીઆળી, પ્યારી રૂપાળી, સુંદરી છોગાળી,
વેસર વાળી, બુદ્ધિશાળી, અતિલટકાળી, અમૃત ઝરંતી; મ.

સીતા—ચતુર રંગીલા પ્યારા મારા;
રામ—અમૃત સમાન બોલછે તારા,
સીતા—ચક્ષુના તારા જીવન હારા,
રામ—ચમકતી હે પ્યારી દારા,
સીતા—નામ જપું આપનું અનુદીન,
રામ—ચમકંતી, દમકંતી, ઝમકંતી, ચળકંતી, ઠમકંતી
સ્વરૂપવંતી; મ.

સીતા— ૨૦

અપરિમીત શુભ ભરનારા છો સલુણા મમ પ્યારા,
સલુણા મમપ્યારા, રઢીયાળા સલુણા મમપ્યારા; અ.
છબીલા રૂપાળા રસીલા પીયુ, પ્રાણ ણા આધાર,
કામણગારા, સુખ કરનારા, કષ્ટ હરનારા, નેનનાતારા,
કોટી ઇંદ્રને છો પ્રીતમ આપ નકી લજવનારા; અ.

રામ—છબીલી છોગાળી છબી છે તારી, ઉર વશી શરમાવનાર
પ્રીય પ્યારી, મન હરનારી, સુંદરી સારી, રસીલી નારી,
શબ્દો તારા લાગે પ્યારી અતિ મુને પ્યારા; અ.

સીતા—ચરણ કમળ સ્નેહથી સેવું, આપના અનુદીન,
રામ—સુખ કરતી, દુખ હરતી, મન હરતી, પ્રીય ઝમકતી
ચીત ચોર્યું મારૂં તે ખચીત અહો પ્રીયદારા; અ.

અંક બીજો

સીતા-સખીઓ— ૨૧

વસંત રૂતુ ખીલી રહીછે અપાર,
વૃક્ષ આપે બેની નીરધારરે; વ.
ફુલી અઢારે ભાર વનસ્પતી હે સખી,
પુષ્પો બેની બહેકે આ વારરે; વ.
અરવીંદો ખીલી રહ્યાં, સરોવર મહીં અત્યંત,
મયુર નાચે મંદમંદ ભાળી જાય દીલની ચંત.
સખી ચોવન વાડી ખીલી રહી છે નીરભ્રાંત,
વિધવિધ રંગ મચાવો કરી મન વીચારરે; વ.
સંગે ફરી ભાળો ઉપવન સહચરી,
પ્રગટે કામાગ્નિ અતિ દીલ મોઝારરે; વ.
અરસ પરસ કિડા કરે, કોકીલ જોડું અતિશય,
સારસ હંસ નદી આગળ ફરે, થઇ અતિ આનંદ મય.
શોભા વર્ણવી આ રૂતુની નવ જાય,
મકરંદ ચુસે મધુકર વારંવારરે; વ.
અગાસી પર બેસી કરે ક્રીડા ખરે નરનાર,
શીતળ વાયુ વાય અતી, લાગે નિશ્ચે સુખકાર.
મૃગ મૃગલી રમે માહો માંહે ખરે,

સૂસ્વરે બોલે ખેચર વૃદ્ધિ પામે મારરે; ૧.

રામ— ૨૨

હે રાજીવ લોચની વામા, પ્યારી ચિતાકર્ષક ભામા હે.
રૂપથી લાજે કોટી કામ, શોભે નવોઢા અષ્ટ જામ,
અહો અનીંદિત રામા, સુઘડ ભાર્યા; હે.
કટી પેખી સિંહ શરમાય, તેથી રહે તે વનની માંય,
રસીલી છબીલી શ્યામા, પ્યારી મારી; હે.
નાસીકા પેખીને કીર, છુપાય વૃક્ષમા છોડી ધીર,
ચચળ ચતૂરા હે કામા, સુંદરી સારી; હે.

૨૩

(શાર્દૂલ વિક્રીડીત છંદ.)

ઇંદ્રાણી ઉતરી શુ તૂં ભુપર મારૂં ચીત આકર્ષણી
શું તૂં વીધુથી હુવી પ્રિય ઉરૂ છે અત્યંત સોહામણી.
નારંગી સમ ગાલ ભાળ દ્વિપતૂં અંગૂળિ ચંપાકળી,
જીતે ચાલ મરાલના ગમનને લાવણ્યવંતી ઘણી.

સીતા— ૨૪

ચરણ કમળ સેવું નીત્યે તમારાં, ઇંદુ સમ વદન આ
પનું ખુશી કરે પ્યારા; ચ.
કોટી કામ લાજે રૂપનું આપનું ભાળી,
જપ જપે આપનો અનુદીન આ દારા; ચ.

કમળ પર અલી જેમ રાખેછે પ્રીત,
તેમ રાખું આપના પર શાણા પીયુ મારા; ચ.
જળહળ જ્યોતી ઝળકી રહીછે,
આપની અહો પ્રીતમ રઢીયાળ; ચ.
જેમ ચાહેછે મયુર ઘનને,
તેમ ચાહુ આપને અહો, રૂપાળા; ચ.

રામ— ૨૫

દુખહર, મનહર, સુંદર વામા, મારૂં ચીત ચોરનાર;
રતી, લાજે, ભાગી, સુંદરી તારૂં રે વદન,
ચમકતી, ઠમકતી, દમકતી, નવોઢા છે અતુલ તુજ પર,
મારો પ્યાર; દુ.

સીતા—પ્રીતમ પ્યારા સલુણા મારા, ચરણ કમળ સેવું નીત્ય.
રાખું નિશ્ચે આપના પર પ્રીત હુ અમીત, (૨)

રા.—ઝમકતી, ચળકતી, ઝળકતી, રસીલી, રંગીલી,
છબીલી પ્યારી મારી અહો ચિતાકર્ષક નાર; દુ.

૨૬

રામ—વિશ્વ મોહીની ચપળા મુગ્ધા દુખ મોચની.

સીતા—ચિતહારક પીયુ ચતૂર શીરોમણી.

રામ—અંબૂજ લોચની ચંપક વરણી.

સીતા—હવુ લાઘવી પ્રીતમ આપની છે ઘણી.

રામ—લજવેછે તું કાશ્મીરી પૂતળી.
સીતા—પીયુ આપની છે અતિ મીઠી ગળી.
રામ—તુજ અંગુલી પ્યારી નિશ્ચે મગની ફળી.
સીતા—લાલિત્ય આપનું નવ શકે કો કળી.
રામ—રસીક બાળા.
સીતા—વીધુ સમ રૂપાળા.
રામ—તુજ ચક્ષો રઢીયાળા.
સીતા—પ્રીતમ લટકાળા.
રામ—ચીત ચોરનાર.
સીતા—પ્રગટાવો માર.
રામ—કનક વર્ણી સુખકાર.
સીતા—પ્રાણ આધાર.
રામ—મૃદુવેણી ચંદ્રાનના શુશીલે પ્યારી હંસગમની; વિ.

૨૭

રામ.— શાને ગમગીન થાઓ પિતા દીલમહીં.
ઉદાસી શાને આપે ગ્રહી; શા
દંડા કાર્ણ્યમાં નિશ્ચે જાઉં,
પ્રતિજ્ઞા પાળી આપની મગ્ન થાઉં;
નહીં ભીરૂ પિતા હું કહાવું,
વચન માની આપનું હરખાઉં.

તજો ગમગીની જનક આપ સહી; શા.

દશરથ— २८

કષ્ટ થાય અતિ દીલમાંય, હૃદયરૂપી વાડી મમ કરમાઇ જાય; કં

દુખનું અભ્ર ગયું છવાઇ, સુખશશી નવ દીસે કાંય; કં.

શોકના સિંધુ મધ્યે ડુબકાં ખાઉં છું, કોમળ વૃક્ષ કપાશે મારૂં

હાય; કં.

મનાર્ણવમાં દુખરૂપી જળ, અતિશય નિશ્ચે ઉભરાય; કં.

२९

રામ—દીલગીર નવ થાઓ દીલગીર (२)

પુજ્ય પિતાજી, થઇને રાજી, જઇશ અરણ્યમાં ધરી ધીર; દી

શાને કરો છો કલ્પાંત, જાઉં વનમાં નીરભ્રાંત,

આપો રજાય, જેથી સુખ થાય, નૃપતી અતિ શુરવીર; દી

પાળો આપનું વચન, થાઓ તમે મગન,

કરી પ્રણામ, હું જાઉં તે ઠામ, પહેરીશ વલકલ ચીર; દી

કૈકયી— ३०

ઉમંગનાં મોજાં મન અર્ણવમાં ઉભરાય,

થાય અતિ સુખ ખરે મારા દીલમાંય.

હર્ષરૂપી દ્રુમ ઉગ્યું ગઇ મારી ચિંતાય,

અત્યાનંદ નિશ્ચે આજે મુને થાય; ઉ.

મળશે ભરતને રાજ, મારૂં થશે સિદ્ધ કાજ;

ખુશી થાએ (૩) અતી આજ; ઊં.

રામ— ૩૧

જાઉં સત્વર હું અરણ્યની માંહી,
ધરી હામ, જાઉં તે ઠામ, નવ નિશ્ચે
રહું હું આ ધામ, ગજવું નામ, તજું આ ગ્રામ; જા.
પિતાજીની આજ્ઞા પાળું ખુશીથી, રાખી
હર્ષ દીલ મોઝાર, જાઉં તે ઠાર હું નીરધાર,
વારવાર, નવ કરૂં વાર ધરી ધૈર્ય અપાર જાઉં તહીં;

કૌશલ્યા— ૩૨

ખુશી થાયછે આજે મુને અતિ નિશ્ચે દીલમાંહીં,
પટાભિષેક થશે રામ જરૂર, જેનું છે અતિશય નૂર,
આનંદ થાય, નીરધાર અપાર, પાળશે પ્રજા રામ ચાહી; ખુ.
સ્વધર્મનિષ્ટ કુળદીપક પુત્ર, આજ્ઞાંકિત છે એ ઘરસુત્ર,
લઘુલાઘવી એની અતિ છે સહી; ખુ.

૩૩

રાગ-છોડો રૂદન માતુશ્રી મારી, પ્યારી જનુની દીલમાં
ખચીત વિચારી.

કૌશલ્યા—પુત્ર તારા વિરહરૂપી કીડો હૃદય મમ કોતરશે.
રામ-પિતાજીની પ્રતિજ્ઞા પાળું, પ્રભુ સહાય તમને કરશે.
કૌશલ્યા-ચંદ્રાવિના જેમ રેન તેમ તુજ વિણ પુત્ર આત દુખ થશે.

રામ-ધૈર્ય ધરો મન વિશે માતુ, દુખતરૂ કપાઇ જશે.
કૌશલ્યા—થાય અતિ દુખ મારા દીલની માંય.
રામ—નવ ચિંતા ધરો જરાય. પ્યારી જનેતા તમે **આંય**

૩૪

સચ્ચીદાનંદ પુરણ પ્રિતેથી ભજું મોક્ષદાતા,
શ્રષ્ટી ત્રાતા અકળ કૃતિછે તારી આનંદદાતા.
સેવે છે મૂનિવર તુજને નિત્ય પીતા વિખ્યાતા,
જયોતી તારી જળહળ પ્રકાશી છ વીશ્વેશ ત્રાતા.
જ્ઞાતા વીશ્વેશ્વર જગધરા વેદ તૂને વખાણે,
વીરંચાદી ખચિત તુજને સેવે ને મૂનિ માને.
પૂરાણે છાપ પ્રભુ તુજની છે નકી કષ્ટટાળા,
શાંતીદાતા ભયહરણ સાત્વીક ગુણાકૃપાળા.
હે સૂખોદાયક પ્રભુ ભજૂંછું પ્રિતેથી હું દેવા,
કાપો વીભુ દુખતરૂ કરૂં ખંતથી નીત્ય સેવા.
નેતા પરેશ જગદિશ તું આપજે સૂખશાતા,
ગાઉં ગૂણો અહરનિશ તારા ક્ષિતીનાથ જ્ઞાતા.

૩૫

રામ—ચંદ્રમુખી નારી (૨) હંસાગમની મૃગનયની,
છે પ્રાણથી અધીક એ મુને પ્યારી; ચં.
ચંપાવર્ણી ચપળનયની, ગૌરબદની હરીવદના.

છે ખરે એ મારૂં ચીત ચોરનારી; ચં.
લીલવટ એનું દીપે અતી, લજવેછે એ નિશ્ચે રતી,
વીંધ્યું હૃદય મારીને નેન કટારી; ચં.
આકર્ષ્યું ચીત એણે મારૂં, ભાખવું એનું લાગે પ્યારૂં,
જાઉં સત્વર અત્રેથી, હું આ વારી; ચં.

૩૬

સીતા—સખીઓ.—

શરદ રૂતુ ખીલી રહી સખી વૃદ્ધિ પામેછે કામ.
શીતળ કીરણ પીડે શશીનાં અતીશે, ચોવનકળી
ખીલી રહી, મદન પીડે અષ્ટ જામ. સાધ પગરીસા; શ.
યુવતી મદે ભરાઇ અતી, સખી આ રૂતુમાં નીરધાર,
રમો રાસ ઉલ્લાસથી, નેપૂર કરે ઝણકાર.
ભુષણ આપે સખી તમામ, સાધપ, ધપગ, પગરી, ગરીસા; શ.
વસ્ત્રાલંકાર ધરી નીજ અંગે, સખી મચાવો વિધવિધ રંગ,
તિક્ષણ તીર ફેંકેછે અનંગ, વીંધી નાખે નિશ્ચે અંગ.
સખી ખેચર કરે કલોલ અપાર, વૃદ્ધિ પામે અતિ માર.
સાસાસા, ધધધ; પપપ; ગગગ; રીરીરી, સાસાસા. શ.
શીતાંશુ ખરે પ્રકાશી રહ્યો, ચાંદની પડે આ ઠાર,
પ્રાતમથી થાય સુખ ખરે, સાંભરે અતિ આ વાર.
સખી દીપે મુદ્રીકા અંગુળીએ સહી, ચાંલ્લો દીપે

શીલવટે સહી. મોતીમાળની શોભામાં નથી બાકી કાંઇ.
મદન રસે ભરાઇ સર્વ વામ, સખી રટો પીયુનું નામ.
સોધપગ, ધપગરી, પગરીસા; શ.

૩૭

સીતા—જળવિણ જેવી વેલડીરે, વળી રજક વિણ જેમ અનરે; જ.
દેવ વિનાનું જેવુ મંદીર, વળી કાજળ વિણ જેમ નયનરે; જ.
ભ્રમર વિનાનાં જેવાં કમળ, જેમ નીર વિનાની નદી સ્વામીનરે; જ.
ઉડગણ વિણ જેવી રજની, વળી પુષ્પ વૃક્ષ વિણ જેમ ઉપવનરે; જ.
સૂર્ય વિણ છે જેવો દીવસ, ચક્ષુના તારા પ્રાણજીવનરે; જ.
તેમ ભરથાર વિણ છે ભામીની, સ્ત્રીસ્વામીનું અરધું તનરે; જ.

૩૮

રામ—તારા રૂપથી જીતાઇ જઇને, આકાશમાં ઇંદુ ભરાય,
ચર્ણ દેખી કદળી લાજે, નાસીકાથી કીર શરમાય; તા.
નયન પેખી અહો સુચીસ્મીતે, તતક્ષણ અરવીંદ કરમાઇ જાય; તા.
સ્તન પેખી તારા લલિતા, વસ્યા હસ્તી વનની માંય; તા૦
પકવબીંબ લાજે અધરથી અતિ, કેશથી વ્યાલ અતિ લજવાય.
પાવકવત્ પગ પાનીઓ તારી, શેષથી પ્રીયે તું નવ વર્ણાય; તા.

૩૯

સીતા—રસીલા પીયુ પ્યારા, મુજ નેનના તારા,
ન્યારા ન થાઓ સ્વામી મારા ॥ રસીલા ॥

તરફડું આપના વિણુ હું અનુદીન, જેમ હોય જળ
વિનાનું મીન,
ઉપભોગ આપ વિણુ અકારા, વહે અશ્રુધારા; રસીલા.
શણગાર સજવા વૃથા તમ વિણુ, ગતિ થાશે માહરી
અતી ક્ષીણ,
છો તમે જીવનહારા, ચરણ સેવવા ઇચ્છે આ દારા; ૨.
જેમ ચકોર ચાહે નીતે મીતે ચંદ્ર, તેમ ચાહું આપને
લજવો નકી ઇંદ્ર,
છો ખચીત સુખ કરનારા, સીંચો સુખના કયારા; રસીલા.

૪૦

રામ—ચંદ્રવદની કટાકેશરી, સુકેશ્યા હે પ્રાણ પ્યારી,
અપાર પ્યાર તારો છે નારી; ચં.
પંકજ લોચની ગૌરબદની, અકળીત છબી છે તારી,
મારી મુને પ્રેમકટારી; ચં.
ચાલ સંગે પ્રીય વામા તું, પ્રેમ તુજ નીરખી ખુશી થાઉં,
દુખ સર્વે ભૂલી જાઉં, સુચીસ્મીતે અતિ હરખાઉં,
હરીવદની કામણગારી; ચં.

૪૧

લક્ષ્મણ—નકી જાઉં (૩) હુ રામ સંગાતરે,
સેવા કરૂં નિત્યે દીન રાત; સે.

સ્વધર્મનિષ્ટ છે મુજ બંધુ,
સુશીક્ષીત વિખ્યાતરે; સે.
આલસ્ય રહીત છે એ ખરેખર,
કુળદીપક શાક્ષાતરે; સે.
શત્રુને દમન કરનાર અતિ ચબરાક,
છે નિશ્ચે મુજ ભ્રાતરે; સે.

૪૨

રામ—હે શ્રેષ્ટ મતીવંત લક્ષમણ માતા સુમીત્રાની રજા લઈ
ચાલ સ્વધર્મનિષ્ટ મુજ સંગે દંડાકારણ્ય મહીં.

૪૩

શેઠીઆ—કેરનો વરસાદ અતિશય વરસ્યો છે આ નગ્રમહીં,
સુઝે નવ લેશ દીલમાં, ઉચ્ચાટ થાય અતી અહીં.
સ્વધર્મનિષ્ટ સુશીક્ષીત રામ ગયા વનની મહીં સહી,
પશુ પક્ષી પણ રૂદન કરેછે ચેન નથી પડતું આજ કંઈ,
લક્ષ્મણ સીતા પણ ગયાં સંગે દીલગીરી આજ અત્યંત થાય.
અઘટિત કૃત્ય દેખી આવું, હૃદય નકી ફાટી જાય.
અરે પ્રભુ અહો વીભુ મહેર કર તું હે વિશ્વરાય,
રામના વિરહરૂપી કીડા હૃદય અમારૂં કોતરી ખાય.

૪૪

સુમંત્ર—દુખની ફાંસી નાખો તેં વિભુજી પાલનહાર,

અણ ચિંત્યો આ શો કોપ કીધો તેં સરજનહાર; દુ.
નવ ચેન પડે આજે કાંઇ, હૃદય જાયછે ભેદાઇ,
રામના વિરહરૂપી બાણ વીંધે હૃદય નીરધાર; દુ.
નદીના પાણી સુકાય, રામના વિયોગથી રે હાય,
બાણથી વીંધેલ મૃગ સમાન દુખ પામું અપાર; દુ.

૪૫

રામ—રમણિય છે આ સ્થાન હે બંધુ ભાળી અતિ ખુ-
શી દીલથાય.

વિધ વિધ પ્રકારનાં છે વૃક્ષ, નીરખી ઠરે નિશ્ચે ચક્ષ.
કરે ખેચર કોલાહલ અપાર, થઇ મગન દીલમાંય; ર.
નિમેષ થાય નવ અત્રે કષ્ટ, થાય દીલગીરી સહુ નષ્ટ,
પર્ણશાળા કરી ભ્રાતુ નીરધાર. રહીએ ખુશીથી આંય; ર.

અંક ૩ જો.

ભરદ્વાજ— ૪૬

પૂરણ પ્રીતે ભજીલે કીરતાર, સ્વપ્ન સરખું વિશ્વ ધાર; પૂ.
કામ ક્રોધ મોહમદ મત્સર, તજીદે તું નિશ્ચે તતકાળ; પૂ.
આતસબાજીનો રંગ છે સંસાર, ગોથાં ખાએ એમાં
શોદ અપાર, આકુશ નાશવંત છે નીરધાર; પૂ.
પંચ ભૂતની છે આ કાયા, વિશ્વની છે ખોટી

માયા, પોપટ જીવ ઉડશે તું વિચાર; પૂ.
મોહરૂપી સર્પથી રહે તું દૂર, ડંખ મારશે તે તુને
જરૂર, ભજ સચ્ચીદાનંદ સરજનહાર; પૂ.
વિષય વાસનામાં શીદ લપટાય, નહીં સુખ મળે
એમાં જરાય, સાચો છે ફકત સરજનહાર; પૂ.
સંતતિ સંપતિ ને નારી, નહીં આવે કોઇ સાથ
તારી, એ સર્વને તું સત્વર વિસાર; પૂ.
હે મનરૂપી મુસાફર ચેત તતકાળ, વિશ્વસિંધુમાં
ખરાબા છે અપાર, ભકિતરૂપી નાવ પકડ આ વાર; પૂ.

૪૭

દશરથ–નીરાધારના આધાર કષ્ટ થાય અતિ મમ દીલની માય,
હૈયાના હારવિણ હૃદય કમળ, મારૂં કરમાઇ જાય.
દુખરૂપી પાવક સળગ્યો છે હૃદયમાં, બળી બળી હું જાઉં,
રામના વિરહરૂપી સર્પ ડંખ મારે, અતી પીડીત થાઉં.
શીકારી શ્વાનથી પકડાઇ ગયેલ, મૃગ સમ પામું છું કષ્ટ,
સુખરૂપી શશી પામ્યોછે ખચ્ચીત, વીભુ મારો અસ્ત.

૪૮

માલિની છંદ.

પ્રભુ ગિરિવર ધારી, કષ્ટ અત્યંત થાએ.
હૃદય સુતવિના આ, માહરૂં ફાટ જાએ.

અતિશ દુખજ પામૂં, શૂં કરૂં હું ઉપાયે,
સુખ નિશામણી પામ્યો, અસ્ત હે વીશ્વરાયે.
ચણ ચણ ચણ છાતી, આ બળે વીભુ હાયે,
જરિક ધિરજ નીશ્ચે, મૂજથી ના ધરાયે.

૪૯

કષ્ટરૂપી કેદખાનામાં પડયો હાય હાય,
સુખામૃત ઢોળાઈ ગયું વિશ્વરાય, હાય હાય હાય;
સુખરૂપી શશી અસ્ત પામ્યો નીરધાર,
દુખ કંટક ભોકાયો હૃદયમાં ફીરતાર,
બાણથી વીંધેલ સારંગ સમ દુખજ થાય; હાય (૩)
પ્યારા પુત્ર વિણ સુનો સંસાર પાલનહાર,
વસુધા ઉઘાડ ઉદાર મુખ તારૂં સમાવ મુને આ વાર,
કિંચિત હીમત પ્રભુ મુજથી હવે ના ધરાય; હાય (૩)

૫૦

(શિખરણી)

સ્મરામી નંદીકે, શ્વર ક્ષિતિ પતી હે સુખકરા,
નમામી પ્રીતેથી, અકળ ગતિ તારી દુખ હરા.
મુનોને સન્યાસી, અનુદિન તુને વીભુ પ્રણમે,
વિરંચી દેવેશા, ગિરિપતિ તુનેરે નિત નમે.
લિલા તારી ભારી, પરમ સુખદાતા જગપતી,

વિના સ્થંભે રાખ્યા, શશિ સુરજ વ્યોમે ભૂમિપતી.
અહો જૂગ્દાધારા, અદભુત કળા શું વરણવૂં,
નિહાળી આ શકતી, મન મહિં જ શંભૂ ખુશિ રહુંછું
પ્રભૂ પર્માનંદા, પરમ સુખદાતા જગધરા;
ત્રિપૂરારી જ્ઞાતા, જગકરણ ત્રાતા ભયહરા.
અહો શ્રૃષ્ટીત્રાતા, ત્રિભુવન પીતાજી પ્રભુ હરે,
સ્મૃતી શ્રુતો તુને, દુખહર વખાણે અતિ ખરે.

૫૧

(લલિત છંદ.)

પતિ વિના વિભૂ, જીવિ શૂં કરૂં,
ધિરજ શંભૂ હું, શી રીતે ધરૂં.
કઠણ દર્દરે, આજ થાયછે,
પ્રિતમ વીણરે, ના જીવાયરે.
સુખરૂપી શશી, અસ્ત પામિયો,
અરર શંકરા, નાથ તો ગયો.
દુખદ વાદળૂં આવિયું ધસી,
પીયુનિ આકૃતી, દીલમાં વસી.
અરર ઇશ્વરા, આ શું તેં કર્યું.
સુખજ માહરૂં, આજથી ગયું.
જીવન માહરા, મૃત્યુ પામિયા,

વિભુ તુને અરે, આવી ના દયા.

૫૨

કૌશલ્યા—થરથર કંપે હૃદય મારૂં, ધૈર્ય શીરીતે ધારૂં; થ.
આપત્તિના કેદખાનામાં, પડી છું કીરતાર,
દુખખીલો ભોકાયો હૃદયમાં, થાય કષ્ટ આ વાર; થ.
પ્રીય પતિવિણ સુનો સંસાર, છે મારે નીરધાર,
વૃક્ષ ગયું કપાઇ વેલડી, થઇ નીરાધાર; થ.
કષ્ટના ફુવારાથી પરમ કૃપાળુ, ભીંજાયું હૃદય અત્યંત,
અણચિંત્યો આ શો કોપ કીધો, અહો વિભુ અનંત; થ

૫૩

કૌશલ્યા— દુખ કીડો હાય, કોતરે હૃદય આ વાર.
સુખ સૂર્ય હાય, પામ્યો અસ્ત નીરધાર.
અબળા અનાથ હાય, પીડાય પ્રભુ અપાર.
દાવાનળ કષ્ટ હાય, ખમાયે ના મુજથી કીરતાર.
જનુની પૃથ્વી હાય, ઉઘાડ તુજ મુખ ઉદાર.
અરે યમરાજા હાય, ઉપાડી જા મુને તતકાળ.
વૃક્ષ ગયું કપાઈ હાય, નથી વેલડીને આધાર.
થઇછું વીભુ હાય, હું હવે નીરાધાર.

કૈકેયી— ૫૪

થાય ખુશી આજે મુને ભારી, વર્ણવતાં જાય રસના હારી.

ભર આવીછે ઉમેદ મારી, થશે ભુભૃત ભરત નીરધાર,
રામ લક્ષ્મણ સીતાય, ગયાં નિશ્ચે વનમાંય; થા.

૫૫

મારા હર્ષ તણો રહ્યો નથી આજે ખરે પાર; મા.
ચંદ્ર ભાળી ચકોર પક્ષી જેમ હર્ષયુક્ત થાય,
તેમ હર્ષયુક્ત થઇછું આજે દીલમોઝાર; મા.
આનંદરૂપી છોડવો ઉગ્યો મારા હૃદય માંય,
ભાગ્યશાળી છું હું અતિ નીરધાર; મા.
અગણિત તારા સહિત જેમ શોભેછે આકાશ,
તેમ શોભશે ભરત સિંહાસનપર કષ્ટ ન થાય લગાર; મા.

૫૬

ભરત—અશુભ સ્વપ્ન થયું મુને અહો કીરતાર,
શું કરૂં ચેન ના પડે લગાર; અહો.
મારૂં વામાંગ ફરકે અપાર,
માન સુકન થાય નીરધાર,
ઉચ્ચાટ થાય અતિ મુને આજે દીલમોઝાર,
ચાલ જાઉં માતુલ પાસ હું તતકાળ; અશુભ.

૫૭

યુધાજીત—સ્મરણ કરૂં (૨) શાંતીદાતાનું, શાંત થાઉં નિશ્ચે
હું જેથી નિત; સ્મ.
ભક્તભરણ ભયહર. ભૂધર ભગવંત. ભવાબ્ધિતારક,
પાલનહાર પ્રભુ પરમ મતિ પાળ, પમૈશ પૃથ્વીધર; સ્મ.

દીનાનાથ દીનેશ્વર, દીનબંધુ દીનદયાળ,
દામોદર દયાનીધી સુખદાતા અપરિમીત; સ્મ.
જગન્નનાથ જગદીશ, જગકર જનપાલક,
જન સુખકરણ દુખહરણ સ્તવું રાખી પ્રીત; સ્મ.

૫૮

કૈકેયી—આજે મુને આનંદ અપાર દીલમહીં થાયરે,
દીલમહીં થાયરે, ચીતડું હરખાયરે; આ.
ધારેલી જીજ્ઞાસા બર આવશે મમ,
પ્રફુલ થઇછે આજે અતિ નિશ્ચે મારી કાયરે; આ.

૫૯

ભરત—દુષ્ટ ચારીણી છે તુને સત કોટી ધિક્કાર.
સંકષ્ટ ઉત્પન્ન કીધું મોટું નષ્ટ થા આ વાર; દુ.
સંતાડ મુખ તારૂં દુષ્ટા ભુમીમાં નીરધાર,
અત્યંત દુખીત કીધો મુને. નવ વિચાર્યું લગાર; દુ.
પ્રિય જનક મૃત્યુ પમાડયા, નવ કીધો કાંઇ વિચાર,
પાપ દ્રષ્ટવાળી કરૂં કેટલો તુજ ફિટકાર; દુ.

૬૦

કૈકેયી—પશ્ચા તાપના ઉદધીમહીં ડુબી છું હું કીરતારરે,
અઘટિત કાર્ય મેં આદર્યું વિચાર્યું નવ લગારરે.
નીંદા થઈ મારી અતી કષ્ટ અતી હવે થાય,
કુળદીપક પુત્ર રામને મોકલ્યો અરણ્યમાંય,
શું કરૂં ઉપાય વિશ્વરાય, દુખીત થાઉં અતી નીરધારરે;પ

૬૧

ભરત—પ્રીય બંધુવિના જીવવું વ્યર્થ, અતિ સંકષ્ટ દીલમાં થાય,

લક્ષ્મણ સીતાના વિરહથી, છાતી મારી ફાટી જાય; પ્રિ,
નીમેષ ચેન નવ પડે મુને, થાઊં અતી પીડીત,
પિતા મૃત્યુ પામીઆ, કષ્ટ પામું અમીત,
અયોધ્યા તારી શી આ સ્થિતિ, ચણ ચણ બળે મુજ છાતી હાય, પ્રિ

૬૨

ભરત—શોકસમુદ્રમાં ડૂબાવો શીદ, આ શું વદો પ્રીય ભ્રાતજી.
તમવિણ વૃથા જીવવું ખચીત. છો સુશીક્ષીત વિખ્યાતજી,
બંધુ પધારો રાજવિષે.

દુખ કીડા હૃદય કોતરે, નવ સુઝે મને લેશજી,
ચણ ચણ આ છાતી બળે, કળ ન પડે નીમેષજી; બંધુ પ
ધારો રાજ વિશે.

રામ—અતુલ મતીવાળો શત્રુઘ્ન, છે ખચીત તુને સ્હાયજી,
મિથ્યા શીદ તું કલ્પાંત કરે, પીતુ વચન નવ લોપાયજી;
સુખે ભોગવ રાજ ભરત તું.

મનુષ્યોનો નૃપ થાતું નકી, હું મૃગનો થઇશ નીરધારજી,
અયોધ્યા પ્રત્યે હર્ષ પામી જા, કહું શું વારંવારજી, સુખે ભો
ગવ રાજ ભરત તું.

ભરત—ધિક્ ધિક્ ધિક્ મારે જીવવું, તમવિણ વિશ્વમાંયજી,
હૃદય કુસુમ કરમાઇ જાયછે, સંકષ્ટ અત્યંત થાયજી; બંધુ પધારો
રાજવિશે.

ઉપભોગ અકારા તમવિણ, ભ્રાતુ દયાવાનજી,
દુખાર્ણવમાં ડુબ્યો હું, ભૂલ્યોછું નીજ ભાનજી; બંધુ પધારો,
રાજવિશે.

રામ—જાય કદી પૃથ્વી રસાતળ, સૂર્ય પશ્ચીમ ઉદય થાયજી,

નેવના નીર મોભે ચઢે, તદપી પીતુ વચન નવ લોપાયજી,
સુખે ભોગવ રાજ ભરત તું.
પાળ પ્રજા પ્રીતે પ્યારડા, શીદ કરે કલ્પાંતજી,
પીતુ વાચક પાળીશ હું, બંધુ કહું છું નીરભ્રાંતજી;
સુખે ભોગવ રાજ ભરત તું.

૬૩

શત્રુઘ્ન—શાર્દુલ સમાન બળવંત ખરે એને ભાળી જાય નકી ચંત.
સ્મરણશકિતમાન, ઈંદુસમ રૂપવાન, સર્વનાં દુખ હરંત; ખરે.
કોટી કામને લજવતા એ, બુદ્ધિમાન સુખ કરંત; ખરે.
દુખીત જનોને વિશે દયાવાન, ખચીત એ શૂભ ભરંત; ખરે.

વારાંગના— ૬૪

દીનાનાથ ઇશ પ્રભુ, સુખકર દુખહર શુભભર ઈશ્વરા,
દીનરાત સ્મરણ કરીયે; જગદીશ સુખકરણ ભયહરા.
શીરતાજ તાત, હર હર હર જગધર ભયહર વિશ્વકરતા,
સર્વેશ્વર ઇશ, મનહર હરહર, સ્મ, રી, યે, તુ, ને, રે.
ન્યારી તારી કૃતિ ઇશ, શુભભરણ ત્રાતા,
તારીગતી, વીભુઅતી, વિશ્વપની, અહો જ્ઞાતા.
નમાવીયે શીશ, જગદીશ ઇશ, અમે વારંવાર,
દુખ તું ટાળ, જગતપાળ, દયાળુ અપરંપાર, અપાર.

સમાપ્ત